Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

૨૮ નવેમ્બર, ૨૦૨૦/11677

**શ્રી મુકેશ કુમાર, IAS**
મ્યુનિ. કમિશ્નરશ્રી,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
અમદાવાદ.

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

**માનનીયશ્રી,**

**વિષયઃ અમદાવાદમાં આવેલ ઔદ્યોગિક એકમો માટે ફાયર NOC/લાયસન્સની સમય મર્યાદા પાંચ વર્ષની કરવા બાબત.**

આપની કુશળતા ઇચ્છીએ છીએ.

આપ જાણો છો તેમ ઔદ્યોગિક એકમોને ચાલુ રાખવા માટે અનેક પ્રકારના લાયસન્સ/પરમીટ કે NOC લેવા પડતા હોય છે. તેમાં ખાસ કરીને ફેક્ટરી એક્ટ અન્વયે લાયસન્સ, પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની કન્સેન્ટ, એક્સપ્લોઝીવ લાયસન્સ, સ્થાનિક સંસ્થાની ફાયર NOC વગેરેનો સમાવેશ થાય છે. ફેક્ટરી એક્ટ અન્વયે લાયસન્સ એક વર્ષથી માંડીને ૧૦ વર્ષ સુધી રીન્યુ થઇ શકે છે. પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની કન્સેન્ટ ત્રણ વર્ષથી પાંચ વર્ષ માટે રીન્યુ થઇ શકે છે. એક્સપ્લોઝીવ લાયસન્સ ત્રણ વર્ષ માટે રીન્યુ થઇ શકે છે જ્યારે સ્થાનિક સંસ્થાઓ ( AMC તથા અન્ય) દ્વારા ઇસ્યુ થતી ફાયર NOC ફક્ત એક વર્ષ માટે જ ઇસ્યુ થાય છે જેને લઇને ઔદ્યોગિક એકમોને તેમના અન્ય કાયદાકીય રીતે જરૂરી લાયસન્સ/પરમીટ પણ એક વર્ષ માટે જ રીન્યુ થવાની શક્યતાઓ રહેલી છે જેને લઇને એકમોને ચલાવવામાં ઘણી જ તકલીફ પડી રહી છે જે અંગે અમને વારંવાર રજૂઆત થતી રહે છે.

જો ઉપરોક્ત જણાવેલ તમામ લાયસન્સ/ કન્સેન્ટ ૫ થી ૧૦ વર્ષ માટે રીન્યુ થતા હોય તો ફાયર NOC ની મુદત પણ પાંચ વર્ષ માટે લંબાવવી જોઇએ એવી અમારી વિનંતી છે. વધુમાં જે એકમો ફેક્ટરી એક્ટ અન્વયે લાયસન્સ ધરાવે છે તેમાં ફાયર સેફટીનો શરુઆતથી જ સમાવેશ થઇ જાય છે. જેનું નિયમન ડાયરેક્ટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી અને હેલ્થ દ્વારા નિયમિત રીતે થતું હોય છે તેથી આવા એકમોને ફાયર NOC લેવામાંથી મુક્તિ આપવી જોઇએ જેથી એક જ જોગવાઇ માટે બેવડી નિરિક્ષણ કામગીરી દૂર થાય અને ઔદ્યોગિક એકમોને થતી પરેશાની દૂર કરી શકાય.

આ ઉપરોક્ત વિગતો ધ્યાને ફાયર NOC ની રીન્યુઅલ માટેની મુદ્દત પાંચ વર્ષ અથવા આજીવન લંબાવવા અને જો જરૂરી જણાય તો વર્ષે એકવાર સર્વેલન્સ ઓડીટ કરવાની જોગવાઇ રાખવા તેમજ ફેક્ટરી એક્ટ અન્વયે લાયસન્સ ધરાવતા હોય તેવા એકમોને ફાયર NOC માંથી મુક્તિ આપવા નમ્ર વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઇ પટેલ
**પ્રમુખ**

**નકલ રવાનાઃ**

૧. શ્રી એમ. એફ. દસ્તુર, ચીફ ફાયર ઓફીસર, અમદાવાદ.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org